ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### દરજી પરગણા સમાજ દ્વારા કુળદેવી મહાકાલી માતાના મંદિરે નવચંડી યજ્ઞનું આયોજન



**શિનોર :** શિનોર દરજી પરગણા સમાજ દ્વારા આજે તેમની કુળદેવી મહાકાલી માતાના મંદિરે નવચંડીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામ પરગામના બહાર રહેતા દરજી સમાજના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી નવચંડી યજ્ઞ અને દર્શન અને મહા પ્રસાદીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. શિનોર મુકામે અઢીભાગ વિસ્તાર પાસે મહાકાળી માતાજીનું મંદિર આવેલ છે. આ મહાકાળીમાતાજીના મંદિરના પાટોત્સવ નિમિત્તે દર વર્ષે ચૈત્ર માસમાં નવચંડીયજ્ઞનું આયોજન દરજી પરગણા સમાજ દ્વારા કરવામાં આવે છે. ચાલુ વર્ષે આજે તા.7/5/23 ને ચૈતવદ -૫ ના શુભ દિવસે દરજી પરગણા સમાજ દ્વારા નવચંડીયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામ પરગામના અને બહાર રહેતા દરજી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સવારે ૭ વાગે મહાકલીમાતાના મંદિર પાસે પટાંગણમાં નવચંડીયાજ્ઞનો પ્રારંભ થયો હતો. બપોરે બે વાગે ધજા ચઢાવવા માટે ની ઉછરામની કરવામાં આવી હતી. તેમજ સમાજ શિક્ષિત બને તે માટે અભ્યાસ કરતા વિદ્યાર્થી ઓને ચોપડા નુ વિતરણ કરવામાં આવ્યું હતું.

### બોડેલી ખાતે જિલ્લા ભાજપ દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના નિવેદન સામે વિરોધમાં ધરણા પ્રદર્શન



**બોડેલી :** છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી ખાતે કોંગ્રેસ રાષ્ટ્રીય અધ્યક્ષના નિવેદન સામે છોટાઉદેપુર જિલ્લા ભાજપે વિરોધ નોંધાવી હાથ પર કાળી પટ્ટી બાંધી બોડેલી ખાતે ગુજરાતીઓના અપમાન મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું હતું કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓ વિરુદ્ધ કથિત અપમાનજનક શબ્દોના ઉપયોગના વિરોધમાં છોટાઉદેપુર જિલ્લા ભાજપ દ્વારા બોડેલી અલીપુરા ચાર રસ્તા પર વિરોધ કરી ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ભાજપમાંથી અનેક હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં ધરના પ્રદર્શનના સ્થળ પર હાજર રહ્યા હતા. છોટાઉદેપુર ભાજપના પ્રમુખ ઉમેશભાઈ રાઠવા એ જણાવ્યું હતું કે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા એક જાહેર સભાની અંદર ગુજરાતના લોકોને મૂર્ખ અને અભણ કહ્યા છે એ ગુજરાતી તરીકે એક સ્વાભિમાન અને ગુજરાતના ગૌરવને ઠેસ પહોંચાડી છે.

### રબારીવાસમાં ચામુંડા માતાના મંદિરે પ્રાગટ્ય દિનની ઉત્સાહભેર ઉજવણી



**શિનોર :** શિનોર રબારીવાસ માઁ આવેલ ચામુંડા માતાના મંદિરે માઁ ચામુંડા ના પ્રાગટ્ય દિન ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. સાંજે 7 કલાકે માઁ ચામુંડા ની મહા આરતી અને રબારીવાસ ના ભુવાજી ઓના હસ્તે કેક કપાવવામાં આવી આ પ્રસંગે ગામના મોભી આગેવાનો ગ્રામજનો અને માઈ ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નર્મદા કિનારે આવેલ શિનોર ગામમાં અનેક મંદિરો આવેલ છે દરેક મંદિરોનો અનેરો મહિમા છે. ગામના શ્રદ્ધાંળુ ભક્તો દ્વારા દરેક સમાજ ના કુળદેવી ના મંદિર આવેલ હોય ભક્તિમાય રીતે આરાધના કરતા હોય છે. ગઈ કાલે રબારી સમાજ દ્વારા કુળદેવી માઁ ચામુંડા ના પ્રાગટ્ય દિન ની ઉજવણી ભારે શ્રદ્ધા ભક્તિ દ્વારા કરવામાં આવી હતી. રબારીવાસમાં જ આવેલ ચામુંડા માતા ના મંદિર ને ફુગ્ગા ઓથી સજાવવા મા આવ્યું હતું. સાંજે 7 વાગે મંદિરે માતાજી ની મહા આરતી કરવામાં આવી હતી. જેમાં રબારી સમાજ ના તમામ નાના થી મોટાઓ યુવાનો માતાઓ તમામ ઉપસ્થિત રહ્યા હતા અને માતા ના પ્રાગટ્ય દિનની ઉજવણી માઁ સહભાગી થયા હતા.

### ચોકસી કે.કે. ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે કરાટે તાલીમ શિબિર યોજાઇ



**પાદરા :** પાદરા તાલુકામાં સુરક્ષા સેતુ સોસાયટી વડોદરા (ગ્રામ્ય)ના સહયોગથી અને વિશ્વાસ લોક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થિનીઓ માટે આયોજિત કરાટે તાલીમ શિબિરનું સફળ સમાપન કરવામાં આવ્યું હતું. આ તાલીમ પાદરાની ચોક્સી કે.કે. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજાઈ હતી. છેલ્લા સાત દિવસથી ચાલી રહેલી આ તાલીમમાં વિદ્યાર્થિનીઓને આત્મરક્ષણ માટેની વિવિધ ટેકનિક શીખવવામાં આવી હતી. તાલીમ દરમિયાન પંચ, બ્લોક, ફાઈટીંગ ટેકનિક અને કિક જેવી મહત્વપૂર્ણ કુશળતાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ અનિચ્છનીય પરિસ્થિતિમાં પોતાનો બચાવ કેવી રીતે કરવો તે અંગે પણ પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ વિશ્વાસ લોક કલ્યાણ ટ્રસ્ટ, દાહોદના ટ્રેનર કુલદીપ ઉપાધ્યાય દ્વારા આપવામાં આવી હતી.

### સંખેડા સેવા સદન ખાતે જિલ્લા - તાલુકા પંચાયત ચૂંટણી માટે અધિકારીઓએ માર્ગદર્શન આપ્યું



**સંખેડા :** સંખેડા સેવાસદન ખાતે આજે જિલ્લા અને તાલુકા પંચાયતની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને બૂથ પ્રિસાઇડિંગ ઓફિસરો માટે એક તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ચૂંટણી અધિકારી ડીએસઓ એન.એફ. વસાવા, સંખેડા મામલતદાર જે.એચ. પટેલ અને તાલુકા વિકાસ અધિકારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓએ ચૂંટણી પ્રક્રિયાને લગતા વિવિધ મુદ્દાઓ પર પ્રિસાઇડિંગ ઓફિસરોને વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ચૂંટણી પ્રક્રિયાને સુચારુ રીતે કેવી રીતે પાર પાડવી તે અંગે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## પાદરામાં ભાજપમાં આંતરિક ગતિવિધિઓ તેજ, કાર્યકરોમાં મૂંઝવણ

**ત્રણ** દિવસમાં 192 ફોર્મનો ઉપાડ



(પ્રતિનિધિ) પાદરા, તા.8

પાદરા તાલુકામાં આગામી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે, ત્યારે ગઈકાલે ધારાસભ્ય દ્વારા આપવામાં આવેલા નિવેદન બાદ ભાજપના કાર્યકરોમાં ભારે મૂંઝવણ સર્જાઈ છે. ખાસ કરીને વિધાનસભાની ચૂંટણી દરમિયાન ધારાસભ્ય સાથે નજીકથી જોડાયેલા કેટલાક કાર્યકરો હાલ પાછળ ધકેલાઈ રહ્યા હોવાની ચર્ચા ઉઠી રહી છે, જ્યારે અગાઉ દૂર રહેલા કેટલાક કાર્યકરો હવે નજીક આવતા દેખાઈ રહ્યા છે. તાલુકા સ્તરે યોજાયેલા કાર્યક્રમોમાં પણ ભાજપના કાર્યકરોમાં ઉમેદવારી નોંધાવા અંગે અનિશ્ચિતતા જોવા મળી રહી છે. કોને ટિકિટ મળશે અને કયા માપદંડો આધારે પસંદગી થશે તે મુદ્દે સ્પષ્ટતા ન હોવાથી કાર્યકરોમાં ચર્ચાઓ જોર પકડી રહી છે. આ દરમિયાન પાદરાના ધારાસભ્ય અને ભાજપ સંકલન કમિટીના સંગઠન વચ્ચે બેઠક યોજાઈ હતી, જેમાં ટિકિટ ફાળવણી અંગે મનોમંથન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. પાર્ટીના નિયમો મુજબ ટિકિટ આપવામાં આવશે કે પછી ધારાસભ્યના પ્રભાવ હેઠળ નિર્ણયો લેવામાં આવશે તે હાલ ચર્ચાનો વિષય બન્યો છે. આ પરિસ્થિતિમાં હવે ભાજપ કોને ઉમેદવારી આપે છે તેના પર સૌની નજર છે. રાજકીય પરિસ્થિતિને જોતા પક્ષમાં કોઈપણ સમયે આંતરિક વિસ્ફોટ જેવી સ્થિતિ ઊભી થવાની શક્યતાઓ પણ નકારી શકાય તેવી નથી.

### પાદરા નગરપાલિકા ચૂંટણી : ત્રણ દિવસમાં એક પણ ઉમેદવારી નોંધાઇ નહીં



**પાદરા :** પાદરા નગરપાલિકાની 28 બેઠકો માટે યોજાનારી ચૂંટણી અંગે જાહેરનામું પ્રસિદ્ધ થયાને આજે ત્રણ દિવસ પૂર્ણ થયા છે, છતાં હજી સુધી એકપણ ઉમેદવારી પત્ર સત્તાવાર રીતે રજૂ કરવામાં આવ્યો નથી. પાદરા નગર પાલિકા ચુંટણી અધિકારી એશ્વર્યા દુબે મદદનીશ કલેકટર પ્રાંત અધિકારી એ જણાવ્યું હતું કે ઉમેદવારી પત્ર સ્વીકારવાની પ્રક્રિયા 11 એપ્રિલ સુધી દરરોજ સવારના 11 થી બપોરના 3 વાગ્યા સુધી ચાલુ રહેશે. સોમવારથી ઉમેદવારી ફોર્મ મેળવવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો અને આજે તેનો ત્રીજો દિવસ હતો. જોકે, અત્યાર સુધી કોઈપણ ઉમેદવાર દ્વારા ભરેલું ફોર્મ જમા કરાયું નથી, પરંતુ ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોમાં ભારે રસ જોવા મળી રહ્યો છે. ત્રણ દિવસ દરમિયાન કુલ 192 ઉમેદવારી ફોર્મનો ઉપાડ થયો છે. માત્ર આજે જ વધુ 24 જેટલા ફોર્મ ઉપાડવામાં આવ્યા હતા. ચૂંટણીને લઈને ઉમેદવારોમાં ઉત્સાહ અને ગતિવિધિઓ તેજ બની છે, જેના કારણે ફોર્મ લેવા માટે કચેરીએ ભારે ભીડ જોવા મળી રહી છે. હાલમાં તમામ ઉમેદવારો દ્વારા ફોર્મ મેળવવામાં આવ્યા છે, પરંતુ હવે આગામી દિવસોમાં ભરેલા ઉમેદવારી પત્રો જમા થવાની પ્રક્રિયા ગતિ પકડે તેવી શક્યતા છે.

### બોડેલી-ડભોઈ પર જોજવા બસ સ્ટેન્ડ પાસે કન્ટેનર ટ્રકનો અકસ્માત

બોડેલી : જિલ્લામાં આવેલ બોડેલી તાલુકાના જોજવા ગામના સ્ટેન્ડ પાસે ગતરાત્રે એક અકસ્માતની ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, બોડેલીથી ડભોઈ તરફ કન્ટેનર ટ્રક જઈ રહ્યું હતું તે દરમિયાન કન્ટેનર ટ્રક અચાનક ચાલકનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો જેને લઈ કન્ટેનર ટ્રક રોડ બાજુ આવેલા નાળાના પારી પર ચડી ગયું હતું. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. ટ્રક ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી, જેને તાત્કાલિક સારવાર માટે બોડેલી ખાતે ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતા જ બોડેલી પોલીસ ઘટના સ્થળ પર પહોંચી હતી અને ઘટના વિશે સ્થાનિકોને પૂછપરછ કરવામાં આવી હતી અને કન્ટેનર ચાલકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો.

## પાદરામાં વરલી મટકા જુગાર પર એલ.સી.બી. પોલીસનો છાપો



(પ્રતિનિધિ) પાદરા, તા.8

પાદરા તાલુકામાં જાહેરમાં ચાલતા જુગાર સામે એલસીબી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, એલસીબી પોલીસ મુકેશભાઈ પાંચાભાઈ તેમજ હરેશભાઈ નાઓ પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે પાદરા માં સરકારી દવાખાના સામે પાદરા-જંબુચર રોડ પર આવેલ પીકઅપ સ્ટેન્ડ પાછળ ખુલ્લામાં કેટલાક ઈસમો વરલી મટકાના આંકડાનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે એલસીબી પોલીસ સ્ટાફ એ સ્થળ પર રેઈડ કરવામાં આવી હતી.

દરમિયાન ચાર આરોપીઓને રંગેહાથ ઝડપવામાં આવ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં ધર્મેન્દ્રસિંહ ઉર્ફે મેલોડી નરપતસિંહ રાઠોડ, ઈસ્માઈલભાઈ ઉર્ફે રાજા હનીફભાઈ મેમણ, મુસ્તુફા સુલેમાનભાઈ ઘાંચી અને હારૂનભાઈ કમરૂભાઈ શેખનો સમાવેશ થાય છે. એલસીબી પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ. 13,700 સહિત કુલ રૂ. 14,855નો મુદામાલ જપ્ત કર્યો હતો. જેમાં આંકડા લખેલ કાપલીઓ, બુક, કેલ્ક્યુલેટર, મોબાઈલ ફોન સહિતની વસ્તુઓનો સમાવેશ થાય છે.

એવુંતો શું થયું હશે જેને લઇ ખનીજ અધિકારીઓ મૌન થઇ ગયા..!!

## છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર સફેદ રેતી ખનન મામલે ખનીજ વિભાગની રેડ

**અધિકારીઓ** મૌન રહેતા ઉઠ્યા સવાલો





(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.8

છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર રીતે ચાલતા સફેદ રેતીના ખનન મામલે બાતમીના આધારે ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા દેવળીયા,મેસરા ગામ ખાતે અચાનક રેડ પાડવામાં આવી હતી. પંચમહાલ, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાની સંયુક્ત ટીમે કાર્યવાહી હાથ ધરતા સ્થાનિકોમાં ભારે ચકચાર મચી હતી.

મળતી માહિતી અનુસાર, ટીમ સ્થળ પર પહોંચી ખનીજ સંબંધિત પ્રવૃત્તિઓની તપાસ શરૂ કરી હતી અને સ્થળની વિગતવાર ચકાસણી હાથ ધરી હતી. જોકે, જ્યારે ખનીજ અધિકારીઓને. મીડિયા દ્વારા રેડ અંગે પૂછપરછ કરવામાં આવી ત્યારે તેઓએ સ્પષ્ટ જવાબ આપવાના બદલે ગોળમટોળ જવાબ આપ્યા અને સ્થળ પરથી નીકળી ગયા હતા.

આ સમગ્ર ઘટનાને લઈને અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે રેડ પાછળનું સાચું કારણ શું હતું, તપાસમાં શું બહાર આવ્યું અને ગેરકાયદેસર ખનન સામે શું કાર્યવાહી કરવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

હાલ સમગ્ર મામલે વધુ વિગતો બહાર આવવાની રાહ જોવામાં આવી રહી છે, ત્યારે ખનીજ વિભાગની કામગીરી અને પારદર્શિતાને લઈને પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે.

### બોડેલી પોલીસે બામરોલીથી થાર ગાડીમાં લઈ જવાતો વિદેશી દારૂ પકડયો

બોડેલી : હાલમા તાલુકા/ જીલ્લા પંચાયત ચુંટણી અન્વયે દારૂબંધીનો કડક અમલ થાય તે મુજબ કાર્યવાહી કરવા તેઓશ્રીના તાબા હેઠળના પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ. તે દરમ્યાન બામરોલી ગામે હાઈવે રોડ ઉપરથી એક નંબર પ્લેટ વગરની કાળા કલરની મહીન્દ્રા કંપની THAR LXD MT 4WD 4S HT -MA1UJ4YK2R2G17009 -YKR4GA1018 માંથી અલગ-અલગ બ્રાન્ડની કુલ બોટલ નંગ-૧૭૬૮ જેની કુલ કિંમત રૂ.૨.૫૩,૭૬૦/- નો પ્રોહી મુદ્દામાલ મહીન્દ્રા કંપનીની થાર ગાડી ની કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- ગણી કુલ કિંમત રૂપીયા.૧૨,૫૩,૭૬૦/- નો મુદ્દામાલ પકડી પાડેલ છે.

ગરમીમાંથી રાહત તો ખેડૂતમાં ચિંતા

## કાળાધબ વાદળો સાથે બોડેલી વિસ્તારમાં વરસાદી છાંટા



(પ્રતિનિધિ) બોડેલી, તા.8

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગર સહિત આસપાસના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં અચાનક પલટો જોવા મળી રહ્યો છે. બુધવારે સાંજના સમયે આકાશમાં કાળાધબ વાદળો છવાઈ જતા હળવા વરસાદી છાંટા પડ્યા હતા, જેના કારણે ઉનાળાની ધગધગતી ગરમી વચ્ચે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીમાંથી રાહતનો અનુભવ થયો હતો.

જો કે બીજી તરફ અચાનક બદલાયેલા આ વાતાવરણને કારણે ખેડૂતોમાં ચિંતા પણ વધી છે. હાલ કેટલાક ખેડૂતોના તૈયાર પાક ખેતરોમાં ખુલ્લા પડ્યા હોવાથી વધુ વરસાદ વરસે તો નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આજે પડેલા વરસાદી છાંટાઓને લઈને ખેડૂત વર્ગમાં ચિંતાનું વાતાવરણ જોવા મળ્યું હતું.

## જસ્કી પુલ પર 'કાગળ પર ડાયવર્ઝન, હકીકતમાં રસ્તો ચાલુ': તંત્રની લાપરવાહીથી હજારો લોકો ભ્રમિત!




(પ્રતિનિધિ) નસવાડી, તા.8

નસવાડી તાલુકાના જસ્કી ગામ પાસે પુલ ઉપર ડાયવર્ઝન નું બોર્ડ મારવામાં આવેલું છે પરંતુ પુલ ચાલુ હાલત માં છે વાહન ચાલકો બોર્ડ જોઈને મુશ્કેલી માં મુકાઈ જાય છે સ્ટેટ આર એન્ડ બી વિભાગ ના અધિકારીઓ એ આવા બોર્ડ હટાવી લેવા જોઈએ.

નસવાડી તાલુકાના તણખલા થી દુગ્ધા સુધી નો 30 કિલોમીટર નો માર્ગ સ્ટેટ આર એન્ડ બી વિભાગ ની માલિકી નો છે 70 થી વધુ ગામો આ રસ્તા ઉપર આવેલા છે હજારો લોકો આ રસ્તા ઉપર અવરજવર કરે છે જ્યારે ગામડાઓ માંથી લોકો તણખલા અને નસવાડી ખાતે ખરીદી કરવા માટે આવે છે ત્યારે જસ્કી ગામ પાસે પુલ ઉપર ડાયવર્ઝન નું બોર્ડ મારવામાં આવેલ છે પરંતુ હાલ ત્યાં રસ્તો ચાલુ છે પુલ ઉપર કોઈ પણ કામગીરી ચાલતી નથી ત્યારે આવી રીતના બોર્ડ મારી ને રાહદારીઓને હેરાન પરેશાન કરવામાં આવે છે છોટાઉદેપુર સ્ટેટ આર એન્ડ બી વિભાગ ના અધિકારીઓ આવી રીતના ખોટા બોર્ડ મારીને વાહન ચાલકો ને કઠિનાઈ નો સામનો કરવો પડે છે કચેરીઓમાં બેઠા બેઠા આવી રીતના બોર્ડ મારી દે છે હાલ તો 70 ગામોને જોડતો રસ્તો જોઈ અને ડાયવર્ઝન પૂલ ની બાજુમાં ના હોય અને આવી રીતના બોર્ડ મારી દેવામાં આવે તો કોની જવાબદારી અધિકારીઓએ આવા બોર્ડ હટાવવાની કાળજી લેવી જોઈએ સ્ટેટ આર એન્ડ બી વિભાગ ના અધિકારીઓ રસ્તો બન્યા પછી રસ્તા ની મુલાકાત પણ લેતા નથી તેનો આ વરવો નમૂનો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે 173 ફોર્મ વિતરણ

## વાઘોડિયામાં ચૂંટણીનો માહોલ જામ્યો, સેવાસદન ખાતે ઉમેદવારોના આંટાફેરા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.8

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ શરૂ થતાંજ ભાજપ કોંગ્રેસ માંથી ઉમેદવારી માટેના સેન્સ પ્રદેશમાં મોકલ્યા બાદ પાર્લામેન્ટરી બોર્ડમાં પસંદ પામેલ ઉમેદવારો મેંડેડ ની રાહ જોઈ રહ્યાં છે. મેંડેડ બાદ કેટલીક બેઠકો પર બળવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ક્યાંક નવા ચહેરાઓને ચૂંટણી લડવાની તક આ વખતે મળશે, ભાજપ સ્વચ્છ છબી અને પ્રમાણિક કાર્યકર્તાઓને ટિકિટ આપી મેદાનમાં ઉતરશે, તો બીજી તરફ ભાજપ સામે કોંગ્રેસ પોતાના જુના કાર્યકર્તાઓને ટિકિટ આપી મેદાનમાં ઉતારી શકે છે. ચૂંટણી આવતા જૂથવાદ અને જ્ઞાતિવાદ ચરમ સીમાએ પહોચે છે, ચૂંટણીના કારણે વર્ષો જૂનો બાકી વેરો પંચાયતોમાં અને નગરપાલિકામાં ભરાઈ રહ્યો છે. પોતાના તમામ જરૂરી ડોક્યુમેન્ટ એકત્રક કરવા માટે ઉમેદવારો હાફડા ફાફડા થઈ દોડાદોડી કરી રહ્યા છે. વાઘોડિયા તાલુકા સેવા સદન ખાતે આજદિન સુધી કુલ 173 ફોર્મનું વિતરણ થયું હતું. જેમાં વાઘોડિયા નગર પાલિકાની 24 બેઠકો માટે 81, જિલ્લા પંચાયતની 4 બેઠક માટે 13, અને વાઘોડિયા તાલુકા પંચાયતની 20 બેઠકો માટે 65 ફોર્મ ઉમેદવારો આજ સુધી લઈ ગયા છે. ભાજપ અને કોંગ્રેસ પોતાના ઉમેદવારોની ઘોષણા આજે સાંજ સુધી કરી શકે તેવી સંભાવના છે. વાઘોડિયા સ્થાનિક સ્વરાજ્યની નગર પાલિકાની પ્રથમ વખત યોજાનાર ચૂંટણીમાં પાર્ટીની છબી કરતા વ્યક્તિ વિશેષ પર વધારે ભાર મુકાશે. ગત વરસે 20 તાલુકાની બેઠક માં 18 ભાજપ,1 કોંગ્રેસ અને 1 અપક્ષના ફાળે ગઈ હતી. જ્યારે 4 જિલ્લા પંચાયતની બેઠક ભાજપના ફાળે ગઈ હતી. વાઘોડિયા તાલુકા અને જિલ્લા પંચાયતમાં કુલ 93625 મતદારો પૈકી વાઘોડિયા નગરપાલિકામાં 15767 મતદારો મતદાનના અધિકારોનો ઉપયોગ કરશે.

ખેડૂતો સરકાર પાસે વળતરની માંગ કરી રહ્યા છે

## સાવલી તાલુકામાં કમોસમી વરસાદના કારણે ખેડૂતે ઉભા કરેલા પાકને ભારે નુકસાન



(પ્રતિનિધિ) સાવલી, તા.8

મોંઘા ખાતર અને બિયારણ તેમજ ખાતરની અછત અને સતત મોસમી વરસાદની વચ્ચે તાલુકાના ખેડૂતોએ તૈયાર કરેલ વિવિધ પાકોને ફરી એકવાર કુદરતના કોપનો સામનો કરવા નો વારો આવ્યો છે. અને તાલુકાના ખેડૂતો ગતરોજ પડેલ કમૌસમી માવઠા ના પગલે ભારે દય નીય સ્થિતિમાં આવી ગયા છે.

સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પરિબળોનો સામનો કરીને તૈયાર થયેલા પાકથી વર્ષ ભેગા થવાની ગણતરી મારતા ખેડૂતોની ગણતરી કુદરતે ઊંધી પાડી છે. અને ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેચવાનો વારો આવ્યો છેગતરોજ સાંજના સમયે ભારે પવન ફૂંકાયો હતો અને ત્યારબાદ કમોસમી વરસાદ વરસ્યો હતો જેના પગલે સાવલી વિસ્તાર મા કમોસમી માવઠું વરસતા ખેડૂતોને ભારે અસર થઈ હતી અને ડુંગરી પુરા ગામના ખેડૂતોના તમાકુના તૈયાર પાકને ભારે નુકશાન થવા પામ્યું છે.

કમોસમી વરસાદના પગલે કેરી રાયડો તમાકુ દિવેલા અને શાકભાજીના પાકો ને ભારે પવન અને કમોસમી માવઠાથી ભારે નુકશાન થયું છે. ખાસ કરીને ખેડૂતો નો કાપેલા તમાકુનો પાક પર વરસાદથી પલડી જતા ખેડૂતો ભારે ચિંતિત બન્યા છે. અને ખેતરમાં પડેલો પાક ભીનો થઈ જવા પામ્યો છે. તેના પગલે ખેડૂતોમાં ચિંતા અને નિરાશાનો માહોલ સર્જાયો છે. અને પોતે કરેલો ખર્ચો પણ પાછો નહીં આવે તેવી ચિંતાથી ખેડૂતો સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યો છે. ડુંગરીપુરા ગામના ખેડૂત સુરેશભાઈ પરમારે જણાવ્યું છે કે મારો તૈયાર થયેલો તમાકુનો પાક વરસાદના કારણે બગડી ગયો છે.